ગાંધીનગર સમાચાર

રૂપાલની પલ્લીમાં ૨૦ કરોડના ઘીનો અભિષેક

મનપાની ટીમે ફાફડા-જલેબીના નમૂના લીધા

ફાફડા-જલેબીના ૧૩ જેટલા સેમ્પલ લઈ તપાસ માટે મોકલાયા : ૭૪ કિલો પ્લાસ્ટીક પણ પકડી અને કબ્જે લીધુ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર મહાનગરપાલિકાના આરોગ્ય તંત્રની ફૂડસેફટી શાખાએ આજે ૧૩ જેટલા દુકાનદારો પર દરોડા પાડી અને ફાફડા-જલેબીના નમૂના લઈ રાજકોટ લેબોરેટરીમાં તપાસ માટે મોકલ્યા છે.

મહાનગરપાલિકાની સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે દશેરા પર્વની ઉજવણીને ધ્યાને રાખી તંત્રની ટીમે આ કાર્યવાહી કરી છે.

સે. ૨, સે. ૩, સે. ૨૩, સે. ૭, સે. ૨૨, સે. ૨૧માં ફાફડા-જલેબીનો વેપાર કરતા વેપારીઓને ત્યાં ત્રાટકી અને આ ચીજોના નમૂના લઈ રાજકોટ લેબોરેટરીમાં તપાસ માટે મોકલવામાં આવેલ છે.

આ અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે સ્વચ્છતાના અભાવને પગલે વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી પણ ઝોનલ ઓફિસરો દ્વારા કરવામાં આવી છે. સેનેટરી ઈન્સ્પેક્ટરોની ટીમ પણ સ્વચ્છતા અંગે સતત મોનીટરીંગ કરી રહ્યાનું આ યાદીમાં જણાવાયું છે.

મનપાની હદમાં ગેરકાયદે રીતે ઉભા કરાયેલા વેચાણ માટેના મંડપો પણ તંત્રની ટીમો દ્વારા દૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી હોવાનું આ યાદીમાં જણાવાયું છે.

ગાંધીનગર શહેરમાં અખાદ્ય ચીજોનો વેપલો વધતો જતો હોવાની ઉઠેલી વ્યાપક ફરિયાદોના પગલે તંત્ર હરકતમાં આવ્યુ છે અને દશેરા પૂર્વે ૧૨ જેટલા વેપારીઓને ત્યાં ત્રાટકી ફાફડા-જલેબીના નમુના લેવામાં આવ્યા છે.

તંત્રની ટીમે ૭૪ કિલો જેટલુ ગેરકાયદે પ્લાસ્ટીક પણ આજની તપાસ દરમ્યાન જમ કરેલ છે. ૪૦ માઈક્રોનથી ઓછી પ્લાસ્ટીકની બેગો આ વેપારીઓ દ્વારા રાખવામાં આવી હતી તેમ જણાવાયુ છે.

રૂપાલની પલ્લીમાં ૨૦ કરોડના ઘીનો અભિષેક

ભવ્ય પલ્લી મેળામાં ૭ લાખથી વધુ ભાવિકોએ દર્શનનો લાભ લીધો : આનંદ ઉલ્લાસ વચ્ચે શાંતિપૂર્ણ માહોલમાં ભાવિકોએ પલ્લીરથના દર્શનનો લાભ લીધો

ગાંધીનગર તા ૧૦

રૂપાલમાં પલ્લીરથ પર ભાવિકોએ ૪.૫૦ લાખ કીલો ઘી નો અભિષેક કર્યો હતો. સવારે ૩:૫૫ કલાકે પલ્લી રથનુ પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. જયારે ગામના ૨૭ ચકલાઓમાં ફરીને પલ્લી રથ સવારે ૭:૩૬ કલાકે નિજ મંદિરે પરત થયો હતો. અંદાજિત ૭ લાખ જેટલા ભાવિકોએ માતાજીની પલ્લીના દર્શનનો લાભ લીધો હતો. પલ્લી રથ પર રૂ ૨૦ કરોડના ઘી નો અભિષેક થયો હતો.

રૂપાલમાં વરાદાયિની માતાની પલ્લીના દર્શન માટે ભાવિકોનુ ઘોડાપુર ઉમટ્યુ હતુ. રૂપાલનો પલ્લી મેળો ભાવિકોની આસ્થાનુ કેન્દ્ર સ્થાન બનતા દરવર્ષે પલ્લીમાં લાખો ભાવિકો માતાજીના દર્શનનો લાભ લે છે. પલ્લી મેળાના આયોજનને અનુલક્ષી વહીવટી તંત્ર દ્વારા પણ જરૂરી તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે સલામતીના ભાગરૂપે પુરતો પોલીસ બન્દોબસ્ત પણ તૈનાત રહયો હતો. પલ્લી મેળામાં ભાવિકોની ભારે ભીડ જોવા મળી હતી. પાંડવોના સમયકાળથી શરૂ થયેલી પલ્લીયાત્રામાં ઘી નો અભિષેક કરવાનો અનેરો મહીમા છે. ગામના પ્રત્યેક ચકલામાં પીપ તેમજ ટ્રેકટરોની ટ્રોલીઓ ઘી થી ભરેલી જોવા મળી હતી. રાત્રિના ૩ : ૫૫ કલાકે પલ્લી રથનુ પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. જયારે ગામના ૨૭ ચકલામાં માતાજીનો પલ્લી રથ પસાર થતા ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો.પલ્લી યાત્રાના રૂટમાં ભાવિકો માટે ચા નાસ્તાની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

● અનુસંધાન પાન-૭ પર

કલ્ચરલ ફોરમના ગરબામાં દિવ્ય મહાઆરતીમાં માતાજીનાં પગલાં

કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત મહોત્સવમાં ૨૧ હજાર દિવડાની મહાઆરતીથી ગરબા મેદાનમાં માતાજીના પગલાની અદભૂત પ્રતિકૃતિનુ નિર્માણ થયુ : નવરાત પર્વના છેલ્લા દિવસે પણ ખૈલેયાઓ મન મુકીને ગરબે ઘુમ્યા

ગાંધીનગર તા ૧૦

નવરાત્રિ પર્વના અંતિમ ચરણમાં પવિત્ર આઠમની વિશિષ્ટ અને અનોખી ઉજવણી કરવામાં આવી હતી. આઠમ નિમિત્તે સેકટરોમાં ઠેર ઠેર યજ્ઞનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. સેકટરોમાં શેરી ગરબાની ઉજવણીમાં બાળા પુજન અને બટુક પુજનના કાર્યક્રમ સાથે માતાજીની મહાઆરતી પણ યોજવામાં આવી હતી. કલ્ચરલ ફોરમ આયોજિત નવરાત મહોત્સવમાં સે-૬ સ્થિત ચાંચર ચોકમાં પણ ૨૧ હજાર દિવડાઓની મહાઆરતીથી અદભુત દ્રશ્ય સર્જાયુ હતુ. દિવડાઓની મહાઆરતીના અંતે માતાજીના પગલાની કલાત્મક પ્રતિકૃતિ ચાંચર ચોકમાં દ્રશ્યમાન થઈ હતી. આઠમની મહાઆરતી બાદ અંબાજીના મહાપ્રસાદનુ ભાવિકોને વિતરણ કરવામાં આવ્યુ હતુ. જયારે આઠમ બાદ દસમા નોરતે પણ ખૈલેયાઓ મનમુકીને ગરબે ઘુમ્યા હતા. અંતિમ દિવસે મેગાફાઈનલ સ્પર્ધા યોજવામાં આવી હતી. શ્રોતાઓ માટે અવનવા ટ્રેડિશનલ ડ્રેસમાં ગરબાની રમઝટ જમાવતા ખૈલેયાઓ આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા. નવરાત પર્વ શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થયુ હતુ.

ગાંધીનગરમાં વરસાદી વિઘ્ન વચ્ચે શરૂ થયેલા નવરાત્રિ મહોત્સવ શાંતિપુર્ણ માહોલમાં સંપન્ન થયો છે. આ વખતે દસ દિવસના નોરતા હોવાથી ખૈલેયાઓને વધુ એક રાત ગરબાની રમઝટ માંણવાની મજા પડી હતી. નવરાત પર્વના અંતિમ દિવસોમાં વરસાદી વાદળોનો ઘેરાવો દુર થતા ખૈલેયાઓ માટે વાતાવરણ ફેવરેબલ બન્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

Happy Birthday to JC

સ્વ. જયરાજસિંહ કૃષ્ણસિંહ ચાવડા

જન્મ તા. ૧૧/૧૦/૧૯૯૭ સ્વ. તા. ૧૦/૯/૨૦૧૬

નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃ ।
ન ચૈનં કલેદયન્ત્યાપો ન શૌષયતિ મારુતઃ ॥

લિ.

દિવ્યા, શુભમ, અજય, મહિપાલ, રણવીર, યુવરાજ, કિશોર, સિદ્ધરાજ, ધનરાજ, ઉત્કર્ષ

પ્લોટ નં. ૧૬૯/૧, સૂર્યનારાયણ સોસાયટી, સેક્ટર-૨૫, ગાંધીનગર

ભાડે આપવાની છે

ઘ-૫ પાસે, સેક્ટર-૧૬, ગાંધીનગર બેંક / શૈક્ષણિક / સ્પર્ધાત્મક પરીક્ષા વગેરે માટે વિશાળ, તમામ સુવિધાવાળી મોકાની જગ્યા ભાડે આપવાની છે.

સંપર્ક કરો : ૯૯૦૪૮૮૬૨૨ / ૯૪૨૭૩૦૪૩૫૬

સિદ્ધાર્થ લો કોલેજ, ગાંધીનગર

ભૂતપૂર્વ વિદ્યાર્થી યુનિયનની રચના કરવા

સિદ્ધાર્થ લૉ કૉલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી યુનિયનની રચના કરવા સારુ તા. ૧૪ ઓક્ટોબર-૧૬, શુક્રવાર સાંજે ૬.૦૦ કલાકે કૉલેજ ખાતે એક મીટીંગનું આયોજન કરવામાં આવેલ છે. કૉલેજના તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને હાજર રહેવા આમંત્રણ છે.

આચાર્યશ્રી
સિદ્ધાર્થ લો કોલેજ, ગાંધીનગર

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI, SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com